**PHONES:**

**Patan : 220228, 230068**
**Mobile : 9428518890, 9624630066**
**: 9624630068, 9424630099**
**E-mail : dptco123@gmail.com**
**Website : http://dpthakker.com/**

# D.P.THAKKER & CO.

**TAX ADVOCATES**
**"SHREEKUNJ", STATION ROAD,**
**PATAN (N.G.) 384265**

---

તારીખ: ૨૧-૦૯-૨૦૨૦

ભાઈશ્રી,

**તારીખ ૦૧-૧૦-૨૦૨૦ થી ઈન્કમટેક્ષ કાયદામાં T.C.S. કાપવાનો નવો નિયમ અમલમાં આવે છે. જેની માહિતી નીચે મુજબ છે.**

(૧) જે વેપારીઓ નું પાછલા વર્ષ નું એટલે કે F.Y. ૨૦૧૯-૨૦ નું કુલ વેચાણ / ગ્રોસ રીસીપ્ટ રૂ. ૧૦ કરોડથી વધુ હોય અને તેમણે ચાલુ વર્ષ માં કોઈ એક વેપારી ને રૂ. ૫૦ લાખ થી વધુ રકમ નો માલ વેચેલ હોય તો આ નિયમ લાગુ પડે છે.

(૨) રૂ. ૧૦ કરોડનું ટર્નઓવર ગણવામાં કુલ વેચાણ, GST, મળેલ શરાફી વ્યાજ વિગેરે ગણાય.

(૩) જો તારીખ ૩૦-૦૯-૨૦૨૦ સુધી માં ચાલુ વર્ષમાં કોઈ એક વેપારીને કરેલ વેચાણ રૂ. ૫૦ લાખ થી વધી ગયેલ હોય તો હવે આ વેપારી ને તારીખ ૦૧-૧૦-૨૦૨૦ થી જે માલ વેચો તેમાં બીલ ની GST સાથે ની કુલ રકમ ઉપર **૦.૦૭૫%** પ્રમાણે T.C.S. ભરવાની રહેશે. આવી T.C.S. ની રકમ બીલમાં નીચે લગાવી શકાય. (T.C.S. નો દર આમ **૦.૧%** છે પણ કોરોનાના કારણે તેમાં રાહત આપીને તારીખ ૩૧-૦૩-૨૦૨૧ સુધી **૦.૦૭૫%** કરેલ છે.

(૪) ચાલુ વર્ષ માં કોઈ વેપારીને કરેલ વેચાણ રૂ. ૫૦ લાખ થી ઓછું હોય અને પછી વેચાણ રૂ. ૫૦ લાખ થી વધે તો રૂ. ૫૦ લાખ ઉપરની રકમ ઉપર **૦.૦૭૫%** પ્રમાણે T.C.S. ભરવાની રહે.

(૫) જે મહિનામાં માલનું પેમેન્ટ આવે તેના પછીના મહિનાની ૭ મી તારીખ સુધી માં આવી T.C.S. ની રકમ ચલણ થી ભરવાની છે.

(૬) જો સામેવાળા વેપારીને P.A. નંબર કે આધાર કાર્ડ ના હોય તો T.C.S. **૧%** પ્રમાણે ભરવી પડે. એટલે સામેના વેપારીના PAN CARD કે આધાર કાર્ડ ની ઝેરોક્ષ મંગાવી લેવી.

(૭) સામેના વેપારીને જે T.C.S. થયેલ હોય તે તેને ભરવાના ઈન્કમટેક્ષ સામે T.D.S. ની જેમ મજરે મળે છે.

(૮) જે વેપારીએ માલનું એક્ષપોર્ટ કરેલ હોય તેવા કેસ માં ફોરેન બાયર ની T.C.S. કરવામાંથી મુક્તિ આપેલ છે.

(૯) જે વેપારી ઈમ્પોર્ટ કરેલ માલનું વેચાણ કરતાં હોય તેવા વેચાણ ઉપર પણ T.C.S. ભરવામાંથી મુક્તિ આપેલ છે.

(૧૦) માલનું વેચાણ જો સ્ટેટ કે સેન્ટ્રલ ગવર્મેન્ટ કે અન્ય કોઈ લોકલ ઓથોરીટી ને કરેલ હોય તો વેપારીએ T.C.S. કરવાની નથી.

(૧૧) વેપારીને જયારે માલ વેચાણ ની રકમનું પેમેન્ટ મળે ત્યારે T.C.S. ભરવાની છે. એટલે કે ઓક્ટોબર મહિનામાં જે વેપારીઓને માલ વેચેલ હોય તેમાંથી જેની T.C.S. ભરવાપાત્ર હોય તેવા વેપારીનું જેટલું પેમેન્ટ ઓક્ટોબરમાં આવેલ હોય તેની T.C.S. ૭ નવેમ્બર સુધીમાં ભરવાની રહે.

(૧૨) દરેક ત્રિમાસમાં જે T.C.S. ભરેલી હોય તેની વિગત અમને મોકલવી જેથી તેનું T.C.S. રીટર્ન ત્રણ મહિના પુરા થયેથી ૧૫ દિવસમાં ભરી શકાય.

(૧૩) કોઈ વેપારીએ તારીખ ૩૦-૦૯-૨૦૨૦ સુધીમાં રૂ. ૧૦ કરોડ થી વધુનું વેચાણ કરેલ હોય પણ સને ૨૦૧૯-૨૦ માં તેનું ટર્નઓવર કે ગ્રોસ રીસીપ્ટ રૂ. ૧૦ કરોડ થી ઓછી હોય તો તેણે ચાલુ વર્ષમાં T.C.S. કરવાની જરૂર નથી. પરંતુ આવા વેપારીએ F.Y. ૨૦૨૧-૨૨ માં T.C.S. કાપીને ભરવી પડે.

(૧૪) જે વેપારીઓ નું F.Y. ૨૦૧૯-૨૦ નું ટર્નઓવર / ગ્રોસ રીસીપ્ટ રૂ. ૧૦ કરોડ થી વધારે હોય અને ચાલુ વર્ષમાં તારીખ ૩૦-૦૯-૨૦૨૦ સુધીમાં તેમણે કોઈ વેપારીને વેચેલ માલનો GST સાથે નો સરવાળો રૂ. ૫૦ લાખ થી વધારે હોય તો તેમણે તારીખ ૦૧-૧૦-૨૦૨૦ પહેલાં આવા વેપારીને માલ વેચેલ હોય અને તેનું પેમેન્ટ તારીખ ૩૦-૦૯-૨૦૨૦ પછી આવે તો આવા પેમેન્ટ ની પણ **૦.૦૭૫%** પ્રમાણે T.C.S. ભરવી પડે. આ રકમ સામેના વેપારી પાસેથી વસુલ કરી શકાય.

કુશળ હશો

લી.

ધીરુભાઈ-કનુભાઈ-પિયુષભાઈ-નિખીલભાઈ